ટપાલ કોપી

**Registered Post A.D.**

FAX OUT
NO :- 368
કુલ 3 પાના

નં.. LIB/જાહેરનામુ/૪૫૮૫/૨૦૧૩
પોલીસ અધિક્ષકની કચેરી,
વલસાડ. તા. ૨૨/૧૧/૨૦૧૩

(1)

પ્રતિ,
શ્રી વાસણભાઈ જી.આહીર,
(પ્રમુખ) કુટીર અને મીઠા ઉધ્યોગ, રાજય કક્ષાના મંત્રીશ્રી,
ગુજરાત રાજય,
અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોશિએશન,
૭૫, સહજાનંદ શોપીગ સેન્ટર, શાહીબાગ,
અમદાવાદ. (ફેક્સ નં. ૦૭૯–૨૫૬૨૧૪૪૭)

વિષય :– વલસાડ શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધીના જાહેરનામાની નકલ પાઠવવા બાબત.

સંદર્ભ :– આપશ્રીના પત્ર નં. એજીટીટીએ/૨૦૧૩–૧૪/૨૦, તા.૨૧/૧૧/૨૦૧૩.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, વલસાડ શહેરમાં ભારે તેમજ મધ્યમ પ્રકારના વાહનોના પ્રવેશબંધી અંગે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વલસાડનાઓની કચેરીના નં. ડીસીબી/એમએજી/રજી–૨૮/૧૩, તા.૦૩/૦૫/૨૦૧૩ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની નકલ આ સાથે સામેલ રાખી પાઠવેલ છે. જે આપશ્રીને વિદીત થાય. .

**Akhil Gujarat Truck Transport Association**
02-12-13

(એ.સી.પટેલ )
પોલીસ ઈન્સ્પેક્ટર (LIB)
પોલીસ અધિક્ષક
વલસાડ વતી

(2)

**-:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) (સી) અન્વયેનો હુકમ :: -**

નં.ડીસીબી/એમએજી/રજી.નં.૨૬/૧૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, વલસાડ,
વલસાડ, તા. ૦૩/ ૦૫ / ૨૦૧૩

પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ તરફથી મળેલ દરખાસ્ત અન્વયે, વલસાડ શહેર ખુબજ જુનુ શહેર હોય શહેરના રસ્તા સાંકળા હોય તેમજ વેપારીઓ રસ્તા ઉપર વાહનો પાર્કીંગ કરતા હોય અને વિકાસની હરણફાળ સાથે વાહનોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. આ ઉપરાંત સ્કુલના બાળકોને લાવવા લઇ જવા માટેની બસો/રીક્ષાઓ તેમજ બીજા નાના વાહનોની સંખ્યામાં ખુબજ મોટો વધારો થયેલો છે. શહેરના સાંકડા રસ્તા અને મકાનોની ગીચતાને કારણે યોગ્ય પાર્કીગ ન થતાં રસ્તાની સાઇડમાં વાહનો પાર્કિંગ થાય છે. જે અડચણરૂપ થવાના કારણે રસ્તાઓ ઉપર અવાર-નવાર ટ્રાફીક જામના પ્રશ્ન ઉદભવે છે. આ વાહનો યોગ્ય રીતે પાર્કીગ થાય તે માટે રોડની બંને સાઇડ ઉપર પીળા તથા સફેદ પટ્ટા મારવા જરૂરી છે. જેથી પાર્કીગ માટે જગ્યા સુનિશ્ચિત કરી શકાય. જેથી સરળ અને ''ફ્રી ફલો'' ટ્રાફીક માટે પત્રમાં જણાવ્યા અનુસાર વલસાડ શહેર ના વિવિધ વિસ્તારના માર્ગો ઉપર '' નો પાર્કીગ ઝોન'' માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ટ્રાફીકને અડચણરૂપ '' રીક્ષા સ્ટેન્ડો '' દુર કરવા માટે દરખાસ્ત કરેલ છે.

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી વલસાડ તરફથી '' નો પાર્કીગ ઝોન'' માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા માટે ભલામણ કરેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી વલસાડની દરખાસ્ત અન્વયે મળેલ અભિપ્રાય લક્ષમાં લેતાં તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) (સી) તેમજ સરકારશ્રીના ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : SB.I/BPA.1276/10281 તા.૧૧/૦૩/૧૯૭૭ અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે.કે.ગઢવી, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વલસાડ ઉપરોકત પોલીસ અધિક્ષકશ્રી, વલસાડની દરખાસ્ત અન્વયે વલસાડ શહેર વિસ્તારમાં જાહેર જનહિતમાં ટ્રાફિક નિયમન માટે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે નીચે જણાવેલ વિસ્તારમાં વાહન સંચાલકો તેમના વાહનો પાર્ક ન કરે / ઉભા ન રાખે તે જરૂરી હોય તે સ્થળોના વિસ્તાર માટે '' નો પાર્કીગ ઝોન '' તરીકે જાહેર કરવાનું ઉચિત જણાયેલ છે. જેથી નીચે જણાવેલ વિસ્તારો ત્રણ તથા ચાર પૈડાના વાહનો માટે **'' નો પાર્કીગ ઝોન ''** તરીકે જાહેર કરવામાં આવે છે.

નં. એલ. આઇ. બી./આવક/ ૨૦૬
પોલીસ અધિક્ષકની કચેરી
વલસાડ. તા. ૭/૫/૧૩

(૧) આઝાદ ચોકી ટાવર થી નવયુગ સ્ટોર ત્રાણ રસ્તા સુધી
(૨) આઝાદ ચોકી ટાવર થી ભીડભંજન મંદિર સુધી
(૩) આઝાદ ચોકી ટાવર થી નાના તાઇવાડ મસ્જિદ સુધી
(૪) આઝાદ ચોકી ટાવર થી ગૌરવપથ રોડ હાલર ચાર રસ્તા સુધી
(૫) આઝાદ ચોકી ટાવર થી અદીના પેલેસ હોટલથી વલસાડ રૂરલ પોલીસ સ્ટેશન સુધી
(૬) રામ રોટી ચોકથી ભીડભંજન મંદિર જવાના ત્રાણ રસ્તા સુધી
(૭) નવયુગ ત્રાણ રસ્તા થી ખત્રીવાડ ભીડભંજન મંદિર સુધી

પોલીસ અધિક્ષકની કચેરી,વલસાડ.
આવક ૧૭૫૯ શાખા........
- 6 MAY 2013
કચેરી અધિક્ષક

③

(૮) હાલર ચાર રસ્તા થી તીથલ રોડ ગર્વમેન્ટ કોલોની સુધી

(૯) કલ્યાણ બાગ થી એસ.પી. સર્કલ થી હાલર ચાર રસ્તા સુધી

(૧૦) કલ્યાણ બાગ થી એસ.ટી.ડેપો થઇ તરણકુંડ પાવર હાઉસ સુધી

(૧૧) એલ.આઇ.સી. ઓફીસ થી કસ્ટમ ઓફીસ સુધી નો અંદરનો હાલર ક્રોસ રોડ

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના (૨૨ માં) ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને સદરહુ વિસ્તારમાં જાહેર પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ રોજ તારીખ : ૦૩/ ૦૫ / ૨૦૧૩ ના રોજ મારી સહી અને મુદ્રા કરી છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
વલસાડ
VALSAD

( જે.કે.ગઢવી )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
વલસાડ

પ્રતિ,
મેનેજરશ્રી
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ, વડોદરા

૨ / ઉકત જાહેરનામું આવતા રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે મોકલવા વિનંતી છે.

**નકલ સવિનય સાદર રવાના :-**

(૧) નાયબ સચિવશ્રી ગૃહ વિભાગ, ગાંધીનગર

(૨) સેશન્સ જજશ્રી વલસાડ

(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત વિભાગ, સુરત

(૪) જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ

**નકલ રવાના વધારાની પાંચ નકલ સહિત :-** નાયબ માહિતી નિયામકશ્રી વલસાડ તરફ

૨ / ઉકત જાહેરનામું આઇટેમ ઓફ ન્યુઝ તરીકે વર્તમાનપત્રમાં વિના મુલ્યે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરી અખબારની નકલ અત્રેની કચેરીએ મોકલવા સારૂ.

**નકલ રવાના વધારાની પાંચ નકલ સહિત :-** પોલીસ અધિક્ષકશ્રી વલસાડ તરફ

**નકલ રવાના :-**

(૧) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ

(૨) નાયબ પોલીસ અધિક્ષકશ્રી : વલસાડ

(૩) કાર્યપાલક મેજિસ્ટ્રેટશ્રી : વલસાડ

(૪) પોલીસ ઇન્સપેકટરશ્રી : વલસાડ (શહેર)